**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ્ બ્રેમ્પટન 'રિમેમ્બ્રન્સ ડે'ને સન્માનપૂર્વક નવાજશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓક્ટોબર 29, 2021) – સીટી ઓફ્ બ્રેમ્પટન નવેમ્બર 11 નાં રોજ રોયલ કેનેડિયન લિજનની સાથે રહીને ઓનલાઇન અને રૂબરૂમાં રિમેમ્બ્રન્સ ડે 2021 ને સન્માનપૂર્વક નવાજશે.

**પૉપી ઝુંબેશની શરૂઆત**

રોયલ કેનેડિયન લિજનનું પૉપી કેમ્પેઇન ઓક્ટોબર 29 થી નવેમ્બર 11 સુધી યોજાશે. આ વર્ષે કેનેડામાં રિમેમ્બ્રન્સના સિમ્બોલ (યાદગીરીના પ્રતીક) તરીકે પૉપીને સ્વીકારવાની 100 વર્ષગાંઠ છે.

આજે ઝુંબેશની શરૂઆતને ચિહ્નિત કરવા Ken Whillans Square (કૅન વ્હિલન્સ સ્ક્વૅર) માં ધ્વજવંદન કરવામાં આવ્યું. આ ઝુંબેશથી એકઠું થયેલું ભંડોળ કેનેડાના હાલમાં સેવા આપતા અને નિવૃત્ત યુદ્ધવીરો અને તેઓના કુટુંબીજનોને સીધી સહાયતા પૂરી પાડવાની સાથે સાથે, કેનેડિયન નાગરિકો સેવા આપનાર લોકોના પ્રચંડ પ્રયત્નોને ક્યારેય ભૂલતા ન હોવાની ખાતરી કરાવવામાં મદદરૂપ થશે. દાન બ્રેમ્પટન આસપાસના સ્થળોએ આપી શકાય છે.

**પરેડ અને સર્વિસ ઓફ્ રિમેમ્બ્રન્સ**

નવેમ્બર 11 – સવારે 10:30 વાગ્યે

brampton.ca/bramptonremembers

મેયર બ્રાઉન (Brown) અને કાઉન્સિલના સભ્યો સમગ્ર સીટી ઓફ્ બ્રેમ્પટન વતી પુષ્પાંજલિ અર્પણ કરવાના સરઘસમાં રોયલ કેનેડિયન લિજન સાથે જોડાશે. આ સમારોહમાં નિવૃત્ત સૈનિકોને સલામી તરીકે માર્ચ, રૉલ અને ફ્લાય પાસ્ટ સમાનવામાં આવશે. ઑટાવાની બહાર, બ્રેમ્પટન જૂજ સમુદાયો પૈકી એક છે જેઓ એ જ પરેડમાં માર્ચ પાસ્ટ, રૉલ પાસ્ટ, અને ફ્લાય પાસ્ટનું આયોજન કરે છે.

બ્રેમ્પટનના નિવૃત્ત યુદ્ધવીરો અને છેવટે બલિદાન આપનારાઓનું સન્માન સીટીના બ્રેમ્પટન રિમેમ્બર્સ વેબપેજ પર પણ કરવામાં આવશે અને સીટી ઓફ્ બ્રેમ્પટનની બધી સગવડોમાં ધ્વજ અડધો ફરકાવવામાં આવશે.

આ પ્રસંગે નવેમ્બર 11 નાં રોજ સવારે 10 વાગ્યે વેબ પેજ પર જીવંત પ્રસારણ થશે, જેમાં મૌનની ક્ષણ (મોમેન્ટ ઓફ્ સાઈલન્સ) અને પુષ્પાંજલિ અર્પણ સહિતની લાઈવ-સ્ટ્રીમ દર્શાવવામાં આવશે. બ્રેમ્પટનના નિવૃત્ત યુદ્ધવીરોને શ્રદ્ધાંજલિ તરીકે, સીટી ડાઉનટાઉન બ્રેમ્પટનમાં મેઈન સ્ટ્રીટ અને ક્વીન સ્ટ્રીટ પર બેનર્સ ફરીથી લટકાવશે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"આપણાં દેશની સેવા કરનાર બહાદુર પુરુષો અને મહિલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા હું આ વર્ષે દરેક વ્યક્તિને પૉપી ખરીદવા પ્રોત્સાહિત કરું છું. નવેમ્બર 11 નાં રોજ સીટી નિવૃત્ત યુદ્ધવીરો અને છેવટે બલિદાન આપનાર લોકોનું સન્માન કરશે. કદાચ આપણે ભૂલ્યા છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ્ બ્રેમ્પટન*

"ફરી એકવાર આપણી ઈવેન્ટ્સ ટીમે રોયલ કેનેડિયન લિજન સાથે રહીને રિમેમ્બ્રન્સ ડે માટે ઓળખ ઊભી કરવા અને ઉજવવા દરેક વ્યક્તિ માટે ખાસ તક ઊભી કરી છે. આ સમારોહ આપણાં નિવૃત્ત સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવાની તક દરેક વ્યક્તિને આપે છે."

*- ડેવિડ બેરિક (David Barrick), ચીફ્ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ્ બ્રેમ્પટન*

-30-

BRAMPTON

**Media Release**

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca